# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-02-2025** **Morning : 7.10 to 7.20**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **રાજ્યની ચાર દિવસની મુલાકાતે આવેલાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે.**
2. **આજથી ધોરણ 10 અને 12 ની ગુજરાત બોર્ડની પરીક્ષાનો પ્રારંભઃ કુલ 14 લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.**
3. **રાજ્યભરમાં ગઈકાલે ભારે શ્રદ્ધાપૂર્વક મહાશિવરાત્રિની ઉજવણી કરવામાં આવી.**
4. **રાજ્યમાં અંદાજે 18થી 20 લાખની વિવિધ પક્ષી વસ્તી-સૌથી વધુ 3 લાખ 62 હજાર પક્ષીઓ નળ સરોવરમાં.**
5. **રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો- અનેક શહેરમાં તાપમાન 36 ડિગ્રીને પાર.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PRESIDENT VISIT

ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે સવારે નર્મદા જિલ્લાનાં એકતા નગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે અને સરદાર વલ્લભભાઇ પટેલ ને પુષ્પાંજલિ અર્પણ કરશે. રાજ્યની ચાર દિવસની યાત્રા દરમિયાન રાષ્ટ્રપતિ નર્મદા અને કચ્છ જીલ્લામાં વિવિધ સ્થળોની મુલાકાત લેશે. આ ઉપરાંત તેઓ અમદાવાદ અને ગાંધીનગરમાં બે પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

**(VOICE CAST APARNA KHUNT)**

દરમિયાન,રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની કચ્છની મુલાકાતને ધ્યાનમાં રાખીને કચ્છનું વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરા આજે તથા આવતીકાલેઅને 1 માર્ચ એમ કુલ ત્રણ દિવસ મુલાકાતીઓ તથા પ્રવાસીઓ માટે બંધ રહેશે તેમ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગની રાજકોટ વર્તુળ કચેરી દ્વારા જણાવાયું છે.

# BOARD EXAM

આજથી રાજ્યમાં આજથીગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12ની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. રાજ્યમાં કુલ 14 લાખથી વધુ વિદ્યાર્થીઓ

પરીક્ષા આપશે, જેમાં S.S.C.ના 9 લાખથી વધુ, H.S.C. ના 4 લાખથી વધુ અને H.S.C. સાયન્સ પ્રવાહના 1 લાખથી વધુ વિધાર્થીઓનો સમાવેશ થાય છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિધાર્થીઓ માટે વિનામૂલ્યે બસ સેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. નિગમ દ્વારા વિદ્યાર્થીઓની જરૂરિયાત પ્રમાણે હાલની નિયમિત સેવા ઉપરાંત વધારાની ૨૫૦ જેટલી ટ્રીપ ચલાવવાનું આયોજન છે.

પરીક્ષાઓનું પારદર્શક સંચાલન સુનિશ્ચિત કરવા માટે વર્ગ- 1 અને વર્ગ- 2ના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. સાથે જ ટેકનોલોજીની મદદથી તમામ પરીક્ષા કેન્દ્રો પર કડક મોનિટરિંગ રાખવામાં આવશે.

રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે વિદ્યાર્થીઓને સફળતાની શુભકામનાઓ પાઠવતા આ મુજબ જણાવ્યું

## (BYTE KUBER DINDOR)

આણંદ જિલ્લાના અમારા પ્રતિનિધી પરેશ મકવાણા જણાવે છે કે , પરિક્ષાની પૂર્વસંધ્યાએ વિદ્યાર્થીઓએ પોતાની બેઠક વ્યવસ્થા જોઈ હતી. પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે , જિલ્લામાં કુલ 28 હજાર 463 વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. વિદ્યાર્થીઓએ તેમનો બેઠક નંબર જે શાળામાં આવ્યો છે ત્યાં જઈને બુધવારે તેમની બેઠક વ્યવસ્થા અને નંબર જોયા હતા.

પ્રથમવાર બોર્ડની પરીક્ષા આપનાર છાત્રોમાં અનેરા રોમાંચ સાથે પરીક્ષાનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# MAHASHIVRATRI OVERALL

રાજ્યભરમાં ગઈકાલે મહાશિવરાત્રીની ભારે શ્રદ્ધા અને ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવી. સોમનાથ મહાદેવમાં અંદાજિત 60 હજારથી વધુ ભક્તોએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પણ સોમનાથ મહાદેવના દર્શન કરી સોમેશ્વર મહાપૂજા કરી હતી.

પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં મહાશિવરાત્રી નિમિત્તે સિદ્ધપુર સરસ્વતી નદી કિનારે આવેલ વટેશ્વર મહાદેવ , વાલ્કેશ્વર મહાદેવ, સિદ્ધેશ્વર મહાદેવ, બ્રહ્માંડેશ્વર મહાદેવ અને અરડેશ્વર મહાદેવ એમ પાંચ સ્વયંભૂ મહાદેવની શોભાયાત્રા નીકળી હતી.

પંચમહાલમાં સ્વયંભુ જ્યોતિર્લિંગ શહેરા મરડેશ્વર ઉપરાંત ગોધરા અંકલેશ્વર મહાદેવ ખાતે વિશિષ્ટ શણગાર સાથે પૂજન અર્ચન કરાયું હતું. ઉપરાંત ગોધરા શહેર અને કાલોલ શહેરમાં શિવ યાત્રા પણ કાઢવામાં આવી હતી.

# UNJHA - RAILWAY CONTAINER YARD

ઊંઝા ખાતે ભારતના પહેલા એક્સક્લુજીવ રેલવે કન્ટેનર યાર્ડનું રાજ્ય કૃષિમંત્રી રાઘવજી પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. ઊંઝા ક્લસ્ટર એક્સપોર્ટર્સ અને અમદાવાદ ડિવિઝનના સહયોગથી એક ખાનગી કંપનીના સહયોગથી મસાલાનો પ્રથમ એક્સક્લુઝિવ કન્ટેનર રેલ ટર્મિનલ, ઊંઝાથી મુંદ્રા પોર્ટ કાર્ગો કોમ્પ્લેક્સ માટે રવાના કરવામાં આવ્યો. મહેસાણા જિલ્લામાં ઉત્પન્ન

**થયેલું શાકભાજી હવે મેટ્રો સિટીમાં સરળતાથી પહોંચશે. દર વર્ષે 65 હજાર કન્ટેનર આ યાર્ડથી સપ્લાય થશે.**

**આ અંગે શ્રી પટેલે વધુ માહિતી આપી:**

**(બાઈટ: રાઘવજીભાઈ પટેલ રાજ્ય કૃષિમંત્રી)**

# ARVALLI – SHOPS INAUGRATION

**અરવલ્લી જિલ્લાના મોડાસામાં કેબિન ધારકોને નવીન દુકાનો મળતા, રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમારના હસ્તે ઉદ્ઘાટન સમારોહ યોજાયો. મોડાસાના બજાર વિસ્તારમાં 89 જેટલા કેબિન ધારકોને સરકાર દ્વારા જમીન આપવામાં આવી છે અને 89 દુકાનો બનાવી રોજગાર ધંધાને વધુ પ્રોત્સાહન મળ્યું છે . 38 વર્ષ પછી કેબિન ધારકોને પોતાની નવીન જગ્યા પર દુકાનો શરૂ થતાં હવે મુખ્ય બજારમાં સર્જાતી ટ્રાફિકની સમસ્યાનો હલ આવશે.**

**આ અંગે શ્રી પરમારે આએ મુજબ જણાવ્યું હતું.**

**(બાઇટ : ભીખુસિંહ પરમાર,રાજ્યકક્ષા અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી)**

# GUJARAT BIRD

ગુજરાતમાં વિવિધ પ્રજાતિનાં અંદાજે 18થી 20 લાખ પક્ષીઓ છે. નવસરોવર સૌથી વધુ 3 લાખ 62 હજાર પક્ષીઓ સાથે પક્ષીઓ માટે હોટસ્પોટ બન્યું છે.

પ્રસ્તુત છે અહેવાલ

## વોઇસ કાસ્ટ અનિલ પટેલ

આગામી ત્રીજી માર્ચે વિશ્વ વન્યજીવન દિવસની ઉજવણી કરવામાં આવશે , ત્યારે રાજ્યમામાં કરવામાં આવેલી પક્ષી ગણતરી પ્રમાણે વિવિધ પ્રજાતિનાં 18થી 20 લાખ પક્ષીઓ વસવાટ કરે છે. દેવભૂમિ દ્વારકામાં સૌથી વધુ 456 પ્રજાતિ નોંધાઈ છે.

2023ની ગણતરી પ્રમાણે રાજ્યમાં કુલ નવ લાખ 53 હજારથી વધુ જંગલી પ્રાણીઓ વસે છે. 2024ની ગણતરી મુજબ પોરબંદર વેટલેન્ડમાં પક્ષીઓની કુલ 223 પ્રજાતિ જોવા મળી હતી, જેમાંથી 131 જળચર પક્ષીની હતી.

અનિલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ

# WEATHER

રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો નોંધાયો છે અને આગામી દિવસોમાં ગરમીનો પારો 39 ડિગ્રીને સ્પર્શવાની શક્યતા છે. રાજ્યનાં મોટાં ભાગનાં શહેરોમાં ગઈ કાલે 36 ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં 38.7 ડિગ્રી નોંધાયું હતું. સુરત અને

**વલ્લભવિદ્યાનગરમાં 38.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ભુજમાં 37.4 અમદાવાદ અને વડોદરામાં 36.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.**

**હવામાન વિભાગે આગામી 24 કલાકમાં દરિયાકાંઠાના વિસ્તારમાં યલો એલર્ટ જારી કર્યું છે.**